ભરૂચના સ્પેશ્યલ જજ(પોકસો કોર્ટ) અને ત્રીજા એડીશ્નલ સેસન્સ કોર્ટની સમક્ષ, ભરૂચ.

સેસન્સ કેસ નં.૫૦/૨૦૨૬

**આંક–૦૧ નીચે હુકમ**

૧. વિ.એ.પી.પી.શ્રી.ને તથા આરોપીના વિ.વકીલશ્રીને સાંભળ્યા, વિ.એ.પી.પી.શ્રી એ આંક–૦૫ થી પ્રપોઝ ચાર્જ રજુ કરેલ છે અને વિ.એ.પી.પી.સુ.શ્રીએ ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ની કલમ–૬૪(૧), ૧૧૫(૨), ૧૨૯, ૩૫૧(૩), ૩૩૨(બી) મુજબની કલમોનો ગુનો આરોપી સામે બનતી હોવાનું પ્રપોઝ ચાર્જમાં જણાવે છે અને ચાર્જશીટમાં પણ ચાર્જશીટમાં પણ ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ની કલમ–૬૪(૧),૧૧૫(૨), ૧૨૯, ૩૫૧(૩), ૩૩૨(બી) મુજબની કલમોનો ગુનો હોવાનું જણાવે છે અને વિ.એ.પી.પી.સુ.શ્રી. પ્રપોઝ ચાર્ઝ મુજબનો ચાર્જફ્રેમ કરવા વિનંતી કરે છે.

૨. આરોપી તરફે વિ.વકીલશ્રી જણાવે છે કે, ચાર્જ પુરતો વાંધો નથી, બચાવનો હકક કાયમ રાખે છે.

૩. ઉપરોકત રજુઆત ધ્યાને લેતા, આરોપી તા.૦૫/૦૨/૨૦૨૬ના પહેલાના બે વર્ષથી ભોગબનનારની પાછળ પડેલા છે અને તા.૦૨/૦૨/૨૦૨૬ના રોજ ભોગબનનાર બનાવ વખતે તેમના ઘરે બનાવવાળી જગ્યાએ એકલા હાજર હતા અને ભોગબનનાર વૃધ્ધ ઉંમરના હોય અને તે રીતે શારીરીક અશકત હોય અને તા.૦૨/૦૨/૨૦૨૬ના રોજ બપોરના બે વાગ્યાના સમયગાળા દરમ્યાન આરોપીએ ભોગબનનારના ઘરમાં બનાવવાળી જગ્યાએ ગુનો કરવાના ઈરાદે પ્રવેશ કરી આરોપીએ ભોગબનનારની આબરૂ લેવાના ઈરાદાથી ભોગબનનાર ઉપર ગુનાહીત બળ વાપરીને ભોગબનનારના માથાના વાળ ખેંચીને આરોપી ભોગબનનારને ઘરના આગળના રૂમમાંથી અંદરના રૂમમાં લઈ જઈ, ભોગબનનાર સાથે આરોપીએ બળજબરીથી શારીરીક સંબંધ બાંધી તે રીતે આરોપીએ ભોગબનનાર સાથે બળાત્કાર કરેલ અને ભોગબનનારને ધમકી આપેલ કે આ વાત કોઇને કરીશ તો તને તથા તારા છોકરાને જીવતા નહીં રહેવા દઉં તે આરોપીએ ભોગબનનારને જાનથી મારી નાંખવાની ધમકી આપેલ અને આરોપીએ ભોગબનનાર ઉપર ઉપરોકત રીતે બળ વાપરેલ અને વ્યથા પણ પહોંચાડેલ અને વાળ ખેંચીને લઇ જઇ ભોગબનનારને સ્વેચ્છા પુર્વક વ્યથા પણ પહોંચાડેલ, તે રીતે આરોપીએ બી.એન.એસ.ની કલમ–

૬૪(૧),૭૪,૧૧૫(૨),૧૨૯,૩૫૧(૩),૩૩૨(બી) મુજબનું તહોમતનામું ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે તે રીતે ચાર્જફ્રેમ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૫ મી માહે મે સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં લખાવી, વાંચી જાહેર કર્યો.

તા.૧૫/૦૫/૨૦૨૬

ભરૂચ.

(હિતેશ હરીલાલ ગાંધી)
ત્રીજા એડી.સેસન્સ જજ અને સ્પે.પોકસો જજ,
ભરૂચ.
(U.I.CODE-GJ00659)